<u>ધરમપુર શ્રીમદ્  રાજચંદ્ર આશ્રમમાં( Spiritual retreat ) સમર કેમ્પમાં ગયેલ વિદ્યાર્થી ફીડબેક</u>

1. બાપા સાથે ફોટા પડાવવાનું ખૂબ ગમ્યું. મારે અંગ્રેજી વિષયમાં મહેનત કરવી જોઈએ એવો અહેસાસ થયો. મેં બે નવા મિત્રો બનાવ્યાં.મારા એ મિત્રો કોઈને ખરાબ લાગે એવું બોલતા નથી. કોઈ આપણને સારી શિખામણ આપતું હોય અને બીજા મજાક કરતા હોય તે ન ગમ્યું.
   – ઋતિક રાઠોડ
2. વિડીયો બતાવ્યો તેમાંની બંને વાર્તાઓ ખૂબ ગમી. વાર્તાઓ બતાવ્યા પછી પ્રશ્નોતરી થતી તેમાંથી ઘણું શીખવાનું મળ્યું. રાત્રેના પ્રોગ્રામમાં ખૂબ મજા આવી. બીજીવાર જવાનું મન છે કારણ કે ગુરુ દેવ ખુબજ ગમે છે. થેંક્યું ગુરુદેવ અને અમને અહીંથી મોકલનાર અમારા મમ્મી-પપ્પા જેવા સર-ટીચરને..  – લક્ષ્મી તળાવિયા
3. અંધશ્રદ્ધા માંથી બહાર નીકળવું જોઈએ તે વાર્તા,પરમકૃપાળુ દેવનું જીવનચરિત્ર, રોહનિયા ચોરની વાર્તા વગેરે માંથી ખૂબ શીખવાનું મળ્યું. રમવાની અને જમવાની મઝા પડી ગઈ. મને મંગલાચરણ ગાવાનું ખૂબ ગમ્યું. ડાન્સ કરવાનું, નાટક કરવાનું ખૂબ ગમ્યું. અમે Love & Careનો ચાર્ટ બનાવ્યો તે મારા દીદીને ખૂબ ગમ્યો. હું બીજીવાર જવા માગું છું .
   – દિવ્યાંગી પટેલ
4. અમને રિધ્ધિદીદી ભણાવવા આવતા તે ખૂબ ગમતું. રિધ્ધિદીદીએ એક સુવિચાર કહ્યો હતો કે જો તમારે મસ્તીથી અને આનંદથી જીવવું હોય તો માત્ર સ્મિતની જરૂર છે. અમે જે ડાન્સ કર્યો એ બધાને ખૂબ ગમ્યો હતો. ત્યાનો નાસ્તો અને જમવાનું ખૂબ સરસ છે.

   – પરિતા પટેલ

5. પહેલા દિવસે રિધ્ધિદીદીએ અમને એક વિડીયો બતાવ્યો જેમાંથી એ શીખવા મળ્યું કે અંધશ્રદ્ધારાખવી જોઈએ નહિ. રોહનીયા ચોરની અને રેવતી શ્રાવિકાની વાર્તામાંથી ઘણું શીખવાનું મળ્યું. મને અહીનું બધું જ ખૂબ ગમ્યું. મને આ કેમ્પમાં ઘણો ફાયદો થયો. હું ક્યારેય ચોરી કરીશ નહિ.  – કાજલ ચૌધરી
6. પરમકૃપાળુ દેવના જીવન વિશે ઘણું જાણવાનું અને તેમાંથી શીખવાનું મળ્યું. રાત્રે અમે જે ડાન્સ પરફોર્મ કર્યો તેના બધાએ વખાણ કર્યા ત્યારે અમારો બધાનો જ આત્મવિશ્વાસ ખૂબ વધ્યો હતો. અમને થયું કે અમે પણ સામાન્ય નથી. કઈ પણ કરી શકીએ છીએ.
   – અર્ચના પાડવી

7. મને રિધ્ધિદીદી અને શેફાલીદીદી ખૂબ ગમ્યા. તેઓ અમને ખૂબ પ્રેમ કરતા હતા. મોક્ષમાલા વિશે શીખ્યા. ગુરુદેવ સાથે વાત કરતી વખતે ભગવાન મળી ગયા એવું. લાગ્યું.

- દિવ્યા કોંકણી

8. બાપા આવે ત્યારે બધા જે રીતેનું વર્તન કરતા તેના પરથી શીખવાનું મળ્યું કે કોઇ આવે ત્યારે તેને માન આપવું જોઈએ. નાસ્તો, જમવાનું , રમવાનું ગમ્યું. Love & Care વિશે શીખ્યા.

- પૂજા પટેલ

9. ગુરૂદેવની વાતથી અને પ્રવચનથી ઘણું શીખ્યા. બાપના દર્શન કરવાનું ગમ્યું.

- માનસી પટેલ

10. પરમકૃપાળુ દેવના જીવન વિશેનો વિડિયો બતાવ્યો તે ખૂબ ગમ્યો. ત્યાં જમવાનું ખૂબ સરસ હતું. મને કેરીનો રસ ખૂબ ભાવ્યો. એક દિવસ ત્યાંની ગૌશાળામાં લઇ ગયા હતા. ત્યાં મને ગમ્યું પણ થોડી ગંદકી લાગતી હતી. ત્યાનું વાતાવરણ, રીત-ભાત ઘણું સારું હતું. અમારામાં સદગુણો આવે તેવું ઘણું શીખવ્યું. – સુનિતા ગાંવિત

11. પરમકૃપાળુ દેવના જીવનચરિત્ર પરથી જીવનમાં સાદગી હોવી જોઈએ તે મને શીખવાનું મળ્યું. દીદીઓએ અમને ડાન્સ શીખવાડ્યો હતો. - રોશની પટેલ

12. રાજકોટ નામ કઈ રીતે પડ્યું તેની સમજ. અમે પણ થોડું અંગ્રેજી બોલતાં શીખ્યા. ત્યાં એવું કંઈ નહતું જે ન ગમે. સુવિચાર ગમ્યો. મારે બીજીવાર જવું છે. – પાયલ જાદવ

13. રિધ્ધિદીદી અને શેફાલીદીદીએ અમને એક નાટક બતાવ્યું જેમાંથી શીખવાનું મળ્યું કે અંધશ્રદ્ધામાં ન જીવવું જોઈએ. અમારા ગુરૂ સાથે અમારે કેવું વર્તન કરવું જોઈએ તે શીખવાનું મળ્યું. કેમ્પમાં જવાથી જીવન બદલાઈ જાય એવું લાગે છે. – ફૂલા પાલવી

14. રિધ્ધિદીદી અમારી સ્કૂલમાં મેજીક ટચ શીખવવા માટે આવે છે. એમના થકી જ અમને આ કેમ્પમાં જવાનું મળ્યું. થેંક્યું દીદી. ત્યાં બધા જ દીદીઓનું અમારી સાથેનું વર્તન ખૂબ સરસ હતું. હું તો ઘરે આવ્યા પછી પણ મંગલાચરણ બોલ્યા કરું છું. અંગ્રેજી બોલવાનું, નવી રમતો રમવાનું, નવા મિત્રો બનાવવાનું, પરમકૃપાળુ દેવની વાતો જાણવાની વાર્તા દ્વારા શીખવાનું, જમવાનું, રહેવાનું બધું જ ગમ્યું. ગુરુદેવે અમારી સાથે ખૂબ સારી રીતે વાત કરી.

અમારો ડાન્સ પણ ગુરુદેવને ખૂબ ગમ્યો. ગુરુદેવે પ્રોમિસ આપ્યું કે તેઓ એકવાર અમારી સંસ્થામાં આવશે. – માલવી પરમાર

15. પ્લે ફોર પીસની રમત ગમી. ગુરુવંદનામાં જે સુવિચાર બોલતા હતા તે ગમ્યું. નાસ્તો, જમવાનું સારું હતું. – રાહુલ પટેલ

16. શિસ્તમાં રહેવું જોઈએ એવું શીખવા મળ્યું. બધાની સામે ઊભા થઈને બોલવાનું શીખ્યો. થોડું અંગ્રેજી બોલવાનું હું પણ શીખ્યો. – દિવ્યેશ ઉધાર

17. ત્યાં પ્રશ્નો પૂછવામાં આવે અને ઇનામમાં લાઈફકાર્ડ આપવામાં આવે તે ગમ્યું. ત્યાં ગાર્ડનમાં રમવાની મઝા આવી. ત્યાં મારો એક નવો મિત્ર બન્યો. જેનું નામ વિનાયક છે.

- અજય પટેલ

18. ત્યાં કેમ્પમાં હું એ શીખ્યો કે જીવન માત્ર પોતાના માટે નથી. બીજા માટે પણ જીવવું જોઈએ. હું જે શીખ્યો તે હું બીજાને પણ શીખવીશ. પરમ કૃપાળુ દેવનું જીવનચરિત્ર મને ખૂબ ગમ્યું. – પટેલ તેજસ

19. હું નવી-નવી રમતો શીખ્યો. મારી રીત-ભાતમાં ઘણો ફેર પડ્યો. છાસ બનાવતા શીખ્યો. નાટક કરતા શીખ્યો. કસરત, ગુરુવંદના ગમી. – જૈમીન શેઠ

20. દરેકમાં જીવ છે તે વાત પરથી અહિંસા વિશે શીખ્યા. શિસ્તમાં રહેતા શીખ્યો. નાસ્તો, જમવાનું, રમવાનું ગમ્યું. – ધનાકુમાર

21. ગુરુવંદના કરવાનું શીખ્યો. જમવાનું,રમવાનું, રહેવાનું ગમ્યું. – સ્મિત પટેલ

22. નવી-નવી રમતો શીખ્યા. શ્રીમદ્ રાજચંદ્રજીના બાળપણ વિશે જાણવાનું મળ્યું. નાટક કેવી રીતે કરવાનું તે શીખ્યો. પ્લે ફોર પીસ રમત ગમી. – અશોક

23. ગુરુવંદનામાં દરરોજ એક શ્લોક અને તેનો અર્થ સમજાવે તે મને ખૂબ ગમ્યું. ત્યાં બધા સેવક ભાઈ-બહેનો ગમ્યા.નવા મિત્રો મળ્યા. તેમની પાસેથી અંગ્રેજી શીખવા મળ્યું. બીજી વાર જાઉં ત્યાએ બાપા વિશે એક કવિતા શીખવાની અને બોલવાની ઈચ્છા છે. બાપા સાથે ફોટા પડાવવાનું ગમ્યું. જયારે શેસન ચાલુ હોય ત્યારે અમુક છોકરાઓ અંદર-અંદર વાત કરે તે ન ગમ્યું. હું બીજી વાર કેમ્પમાં જરૂર જઇશ. મને એવો આનંદ છે કે બાપમાં જે મહાનતાના ગુણો છે તેમાના બે-ત્રણ ગુણ તો મારામાં પણ છે. – મહેશ મોકાશી

24. પરમ કૃપાળુ દેવનું જીવનચરિત્ર જાણવા મળ્યું. આવતાં વર્ષે કેમ્પમાં જવા માગુ છું. અને ત્યાં કંઇક પરફોર્મ કરવા માગું છું. પ્રેમથી રહેવાનું શીખ્યો. - જાદવ વિશાલ

25. પરમકૃપાળુ દેવને બધુજ યાદ રહેતું તે મને ખૂબ ગમ્યું. હું ત્યાં છાણા થાપવાનું શીખ્યો. રહેવાનું., જમવાનું , રમવાનું બધું ગમ્યું. – હિંમત

26. ત્યાં જઈને હું બીજાની વાત સાંભળવી, નવા મિત્રો બનાવવા, સચ્ચાઈ, અહિંસા જેવી બાબત શીખ્યો. બીજીવાર જઈશું ત્યારે અમે પણ કંઇક પરફોર્મ કરીશું. ગુરુદેવની સાથે વાતો કરી. – સુરજ હળપતિ

27. ત્યાં જઈને બીજા સાથે કેવું વર્તન કરવું તે હું શીખ્યો. ત્યાં દીદીઓ ખૂબ પ્રેમથી વાતો કરે છે તે ગમ્યું. રમવાની જગ્યા ખૂબ સરસ છે. ગૌ સેવા કરવાથી શું ફાયદા થાય તે જાણવા મળ્યું. – પ્રતિક શેઠ